## જન્મદિને વધામણી



**દર્શન મારૂ**
પત્રકાર, ગાંધીનગર સમાચાર
મો. ૯૫૮૭૨ ૮૭૪૪૭



**ધર્મેશભાઈ શાહ**
જનરલ મેનેજર, પંજાબ હુંડાઈ
મો. ૯૮૨૫૯ ૧૪૦૦૦



**અશ્વિનભાઈ પંડ્યા**
ફોન : ૨૩૨૬૦૪૧૭
મો. ૯૪૨૬૩ ૧૭૭૨૨



**કોમલ પંડ્યા**
મો. ૯૯૯૮૫ ૬૪૯૦૩



**પાર્થ સંભવાણી**



**કૌશલ એચ વ્યાસ**
મો. ૯૦૩૩૫ ૫૩૪૩૭



**કામિની દિપકભાઈ પટેલ**
મો. ૯૯૯૮૭ ૪૭૫૪૪



**સાહિલ હસમુખભાઈ વાઘેલા**
મો. ૯૭૧૪૩ ૯૦૧૧૯



**ઓમ સંજય પંડ્યા**
મો. ૯૯૯૮૫ ૬૪૯૦૩









સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે બે કલાકની નૉન સ્ટૉપ સ્કેટિંગ સ્પર્ધાનું આયોજન ભાર્ગવ આયર અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં ૨૫૦થી વધુ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધકોને પ્રોત્સાહન આપવા તેમના વાલીઓ અને સ્કેટિંગ પ્રેમીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધા બાદ દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર, ટ્રૉફિ, સ્કેટિંગ મગ ઈનામમાં આવામાં આવ્યો હતો. સ્પર્ધાનો હેતુ સ્કેટિંગ માટે જાગૃતિ લાવવાનો હતો. (તસવીર : કમલેશ શાહ)

# ભાડજના હરે કૃષ્ણ મંદિર ખાતે ૭મીથી પાટોત્સવની ભવ્ય ઉજવણી



ગાંધીનગર, તા. ૫

હરે કૃષ્ણ મુવમેન્ટ તેના વાર્ષિક પ્રથમ પાટોત્સવ પર્વની ભવ્ય ઉજવણી હરે કૃષ્ણ મંદિર,ભાડજ ખાતે તા. ૭ મે થી ૯ મે, ૨૦૧૬ દરમ્યાન ઉજવી રહ્યું છે. ત્રણ દિવસની પાટોત્સવની ઉજવણી હરે કૃષ્ણ મંદિરના વાર્ષિકોત્સવ તથા હરે કૃષ્ણ મંદિર, ભાડજમાં ભગવાનના આ શુભદિને થયેલ આગમનના પ્રસંગને દર્શાવે છે. મંદિરનુ ઉદઘાટન તા. ૨૧ એપ્રિલ,૨૦૧૫ ના રોજ અક્ષય તૃતિયાના શુભદિને કરવામાં આવ્યું હતું. આ ઉત્સવ શ્રી શ્રી રાધા માધવ, શ્રી શ્રી લક્ષ્મી-નરસિંહ ભગવાન અને શ્રી શ્રી નિતાઈ ગૌરાંગ (કૃષ્ણ-બલરામ સ્વરૂપ) ભગવાનશ્રીની ઉપસ્થિત અને તેમના મૂર્તિરૂપે થયેલ સ્થાપ્રના શુભપ્રસંગને સિમાચિહ્ન રૂપે દર્શાવે છે.

મંદિર પરિસરમાં પાટોત્સવની ઉજવણી ખૂબ જ મોટા પાયે થનાર છે. આ ઉત્સવના ઉજવણીની શરૂઆત તા. ૭ મે, ૨૦૧૬ શનિવારના રોજ શરૂ થઈ તા.૯ મે,૨૦૧૬ સુધી, અક્ષય તૃતિયાના શુભદિન સુધી સતત ત્રણ દિવસ થનાર છે. દરરોજ સાંજે ૬ વાગ્યાથી ઉત્સવની શરૂઆત થનાર છે. સમીસાંજમાં ખાસ કાર્યક્રમો જેવા કે પાલકી ઉત્સવ, મંદિરના વિશાળકુંડમાં નૌકા વિહાર, મહાઅભિષેક, ઝૂલન ઉત્સવ અને શ્રી શ્રી રાધા માધવની ભવ્ય શોભાયાત્રા નિકાળવામાં આવશે. કદમ્બ સેન્ટર ફોર ડાન્સ એન્ડ મ્યુઝિક દ્વારા કૃષ્ણલીલા વિષયવસ્તુ પર કથક નૃત્યનું નિરૂપણ જેવા આહલાદક સાંસ્કૃતિક કાર્યક્રમો તથા શ્રી સચીન લિમયે દ્વારા ભજનસંધ્યાનો કાર્યક્રમ સમીસાંજે ઉજવાતા ભકતોના ઉત્સાહમાં વધારો કરશે. દરરોજ સવારે એક ખાસ પાટોત્સવ યજ્ઞ કરવામાં આવશે.

તા. ૭ મે, ૨૦૧૬ ના રોજ ભગવાનશ્રીને પુષ્પોથી સુશોભિત નૌકામાં મંદિરના વિશાળ કુંડમાં વિહાર કરાવવામાં આવશે. આ વિશાળકુંડપુષ્પોથી સુશોભિત અને રંગબેરંગી પ્રકાશથી ઝળહળતો હશે. આવો સુંદરનજારો સૌ કોઈને માટે ખૂબ જ નયનરમ્ય બની રહેશે. નૌકાવિહાર બાદ કદમ્બ સેન્ટર ફોર ડાન્સ એન્ડ મ્યુઝિક દ્વારા કૃષ્ણલીલા વિષયવસ્તુ પર કથકનૃત્યનું નિરૂપણ કરવામાં આવશે.

તા. ૮ મે, ૨૦૧૬ ના રોજ સર્વશક્તિમાન શ્રી શ્રી રાધા માધવની ભવ્ય શોભયાત્રા ખાસપ્રકારના બનાવેલ ભવ્યરથ નિકાળવામાં આવશે. તદ્ઉપરાંત સાંજે ૬ વાગ્યાથી શ્રી સચીન લિમાયે દ્વારા ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજવામાં આવશે. ભજનસંધ્યા બાદ ભગવાનશ્રી ને ભવ્ય ઝુલન સેવા અર્પણ કરવામાં આવશે.

પાટોત્સવ ઉજવણીના ત્રીજા દિવસે તા. ૯ મે ૨૦૧૬ ના રોજ, અક્ષયતૃતિયાના શુભદિવસે શ્રી શ્રી રાધામાધવને સાંજે ૬ વાગ્યાથી ચૂરના અભિષેક અર્પણ કરવામાં આવશે. આ એક પારંપરિક દિવ્યસ્નાન વિધિ છે જેમાં ભગવાનશ્રીને હળદર અને અન્ય પવિત્ર પદાર્થો(વસ્તુઓથી)અભિષેક કરવામાં આવશે. મંદિરમાં ભગવાનને (શ્રી શ્રી રાધા માધવ, શ્રી શ્રી લક્ષ્મી-નરસિંહ અને શ્રી શ્રી નિતાઈ ગૌરાંગ) ને મંદિરના મુખ્ય સભાખંડમાં ભવ્ય અભિષેક અર્પણ કરવામાં આવશે.

હરે કૃષ્ણ મંદિર,ભાડજ દ્વારા સૌ ભાવિક ભક્તોને આ પાવન ઉત્સવમાં ભાગ લેવા માટે ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે.

# માણસા ખાતે પંચદેવ મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૫

માણસા ખાતે મા પાલઈ વિધ્નેશ્વરી ધામમાં નવનિર્મિત પંચદેવ મંદિરનો ભવ્યાતિભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી આયોજિત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે માણસાના ઈતિહાસમાં પ્રથમ વખત ભવ્યાતિભવ્ય રંગારંગ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના અલગ અલગ વિસ્તારોની સંસ્કૃતિની ઝાંખી કરાવતી અંદાજિત ૧૫ જેટલી ભજન મંડળીઓ, રાસ મંડળીઓ અને નર્તક ગૃપ્સ જોડાયા હતા.

પ્રાણપ્રતિષ્ઠાના પાવન કાર્યક્રમે આકાશમાંથી હેલિકોપ્ટર દ્વારા મંદિર ઉપર પુષ્પવૃષ્ટિ કરી સમગ્ર વાતાવરણને નવપલ્લવિત બનાવી દીધું હતું. કાર્યક્રમમાં માણસા ઉપરાંત આસપાસના હજારો લોકો ઉમટી પડ્યા હતા.

મુખ્ય કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ગણપતસિંહ વસાવા, મંત્રી તારાચંદભાઈ છેડા, ધારાસભ્યો, પદાધિકારીઓ, વિવિધ સમાજના આગેવાનો, સામાજિક કાર્યકરો, દાતાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના ત્રણ દિવસો દરમ્યાન ચાલેલા નિઃશુલ્ક અન્નક્ષેત્રમાં ૧૫ હજારથી વધુ ભાવિકોએ ભોજનપ્રસાદનો લાભ લીધો હતો.

મા પાલઈ વિધ્નેશ્વરી ધામના માનદ મૅનેજિંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે બીજા વીરપુર ધામ જેવા ઊભા થયેલા અન્નક્ષેત્રમાં અનાજનું દાન કરવાથી મા અન્નપૂર્ણાની અસીમ કૃપાથી દાતાઓના ઘરે ધનધાન્ય અને સમૃધ્ધિના ભંડારો ભરાય છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
૧૯૨૦ લંડન
૧૨.૩૦, ૫.૧૫, ૭.૪૫
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૩.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
કૅપ્ટન અમેરિકા (૩ડી હિન્દી)
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
કૅપ્ટન અમેરિકા (૩ડી અંગ્રેજી)
૧૦.૦૦, ૭.૦૦

**સ્ક્રીન-૪**
બાગી
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૫**
ટ્રાફિક
૫.૧૫
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૧૦.૦૦, ૧૨.૪૫, ૭.૩૦
૧૯૨૦ લંડન
૨.૪૫, ૧૦.૦૦

### મહિલા ઉત્કર્ષ માટે વાઘબકરી ટી ગ્રુપ દ્વારા

# શિક્ષણ અને ક્ષમતા નિર્માણ માટે મહિલા તાલીમ કેન્દ્રનો પ્રારંભ









ગાંધીનગર, તા. ૫

વિશ્વની ટોચની ચાની કંપનીઓમાં સ્થાન ધરાવતી ગુજરાતના ટી ગ્રુપે વિકાસલક્ષી સંસ્થા, સોસાયટી ફોર એજ્યુકેશન, વેલફેર એન્ડ એકશન(સેવા) રૂરલ દ્વારા ઝઘડીયામાં ચાર માળના મકાનનું નિર્માણ કરાયું છે. આ માટે વાઘબકરી ટી ગ્રુપે તેની કોર્પોરેટ સામાજીક પ્રવૃત્તિના ભાગ તરીકે રૂા. ૩ કરોડનું દાન કર્યું છે. આ બીલ્ડીંગમાં તાલિમ કેન્દ્ર, વર્ગખંડો, પ્રેકટિકલ ટ્રેઈનિંગ લેબ, લાયબ્રેરી, ઓફિસ, કન્યાઓ અને મહિલાઓ તથા સ્ટાફ માટે આવાસની સુવિધાનો સમાવેશ થાય છે, જે અંદાજે ૪૦ મહિલાઓ માટે નિવાસ વ્યવસ્થા પૂરી પાડશે.

આ બીલ્ડીંગને સેવા રૂરલ સંચાલિત મહિલા તાલિમ કેન્દ્ર-વાઘબકરી ચા ગ્રુપ, અમદાવાદ-૨૦૧૬ નામ આપવામાં આવ્યું છે.

સ્થાયી ફર્નિચર ધરાવતી આ બીલ્ડીંગ ચાર માળની છે અને તે દ્વારા નજીકના વિસ્તારોમાં રહેતી આદિવાસી, ગ્રામ્ય અને ગરીબ સમાજને લાભ થશે. સેવા રૂરલ દ્વારા તાલિમ અને શિક્ષણ પૂરૂ પાડવામાં આવશે. આ શિક્ષણ રાહત દરે પૂરૂ પાડવામાં આવશે. જે તાલિમ પૂરી પાડવામાં આવશે તેમાં નર્સીંગ, લેબ આસિસ્ટન્ટ, સ્ટીચીંગ, બેઝિક કોમ્પ્યુટર શિક્ષણ, સ્વરક્ષણની તાલિમ અને જાતિય સતામણી અંગે જાગૃતિ તથા અન્ય બાબતોનો સમાવેશ થાય છે.

અગાઉ આ પ્રોજેકટ હેઠળ વાઘબકરી ટી ગ્રુપે બાળકોના શિક્ષણ માટે ઝઘડીયા તાલુકાનાં દૂરનાં ૧૨ ગામોમાં વિકાસ અને ઉત્કર્ષની પ્રવૃત્તિઓ માટે મોબાઈલ વાનનું દાન કર્યું હતું.

આ બધી પ્રવૃત્તિઓ વાઘબકરી ટી ગ્રુપ દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળી ગામડાંમાં માળખાગત સુવિધાઓ સ્થાપવા અને મહિલા સશક્તિકરણ માટે સતત થતી પ્રવૃત્તિઓના હેતુ તરીકે કરાઈ છે.

# ઝહરને મારા ઝહર કો, મુર્દે મેં ફિર જાન આ ગઈ

**ગીત-સંગીતની દુનિયા**
ભાર્ગવ હરનારાયણ ભટ્ટ

ફિલ્મ : જાગતે રહો
વર્ષ : ૧૯૫૬
નિર્માતા : આર કે ફિલ્મ્સ, બમ્બઈ, રાજ કપૂર
નિર્દેશક : શમ્ભુ મિત્રા, અમિત મૈત્રા
સંગીતકાર : સલિલ ચૌધરી
ગીતકાર : શૈલેન્દ્ર, પ્રેમ ધવન
મુખ્ય કલાકાર : રાજ કપૂર
સહાયક કલાકાર : પ્રદીપ કુમાર, સુમિત્રા દેવી, સ્મૃતિ વિશ્વાસ, પહાડી સાન્યાલ, ડેઈઝી ઈરાની, મોતીલાલ, નાના પલસીકર, ઈફ્તેખાર, ભૂદો અડવામી, નરગિસ
ગીત : જીંદગી ખ્વાબ હૈ
ગીતકાર : શૈલેન્દ્ર
ગીતને પરદા પર રજૂ કરનાર કલાકાર : મોતીલાલ
ગાયક કલાકાર : મુકેશ
ગીતના શબ્દો :

રંગી કો નારંગી કહે
બને દૂધ કો ખોયા
ચલતી કો ગાડી કહે
દેખ કબીરા રોયા
જીન્દગી ખ્વાબ હૈ..
ખ્વાબ મેં જૂઠ ક્યા
ઔર ભલા સચ હૈ ક્યા
સબ સચ હૈ
જીન્દગી ખ્વાબ હૈ...
દિલને હમસે જો કહા
હમને વૈસા હી કિયા
ફિર કભી ફુરસત સે સોચેંગે
બુરા થા યા ભલા
જીન્દગી ખ્વાબ હૈ...
એક કતરા મયકા જબ
પત્થર કે હોટોં પર પડા
ઉસ કે સીને મેં ભી દિલ ધડકા,
યે ઉસને ભી કહા
ક્યા
જીન્દગી ખ્વાબ હૈ...
એક પ્યાલી ભર કે મૈંને
ગમ કે મારે દિલ કો દી
ઝહરને મારા ઝહર કો
મુર્દે મેં ફિર જાન આ ગઈ
જીન્દગી ખ્વાબ હૈ...


કવિ શૈલેન્દ્ર આ ગીતમાં કહે છે કે આ જિંદગી તો સપના જેવી છે. સપનું માણસને નિદ્રામાં આવે છે અને સપનામાં બનેલી ઘટનાઓ કાંઈ સાચી હોતી નથી. શું સાચી હોય છે ?

આ ગીત અભિનેતા મોતીલાલ ઉપર ફિલ્માવવામાં આવેલું. એક જમાનામાં મુખ્ય અભિનેતા તરીકે હિન્દી ફિલ્મોમાં અભિનય કરનાર મોતીલાલ વધતી ઉંમરના કારણે ચરિત્ર અભિનેતાની ભૂમિકા કરવા લાગ્યા હતા. ફિલ્મ ‘જાગતે રહો’ અને ‘અનાડી’માં તેમને જોયા છે.

ઘણા લોકો પોતાના મન પ્રમાણે વર્તે છે. પોતે કરે તે બધું કાર્ય સારું છે કે ખરાબ તેની દરકાર કરતા નથી. પરિણામ જે આવે તે. પડશે એવા દેવાશે. જ્યારે ફુરસદ મળશે ત્યારે વિચારશે કે જે કાર્ય કર્યું તે કાર્ય સારું હતું કે ખરાબ. આ જિંદગી તો એક સપનું જ છે.

દારૂ પીનાર ભાન ભૂલી જતો હોય છે. જ્યારે જ્યારે દારૂનું એક ટીપું તેના પથ્થર જેવા હોઠો દ્વારા પેટમાં જાય છે ત્યારે દારૂ પીનાર એમ સમજતો હોય છે કે તેને શાંતિ મળે છે અને જાણે એનું દિલ પણ કહે છે કે આ જિંદગી એક સપનું છે.

દારૂનો એક પૅગ બનાવી પીનાર પોતાનું દુખ ભૂલવા માટે દારૂ પીએ છે અને પોતે સમજે છે કે દારૂ તો ઝેર છે પરંતુ તેનું પોતાનું દુખ, પોતાનો ગમ પણ ઝેર જેવો જ છે અને દારૂ પીને ભાન ભૂલનાર વ્યક્તિ સમજે કે મારા શરીરમાં પાછો જીવ આવી ગયો છે. આ જિંદગી તો સપનું છે.





## વાચકોને આમંત્રણ

**‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

મે માસનો વિષય છે :

**‘મારા ગુરુ ગૌરવશાળી’**

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના ગુરુનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે